# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-05-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## સંરક્ષણમંત્રી-ભુજ મલુકાત:

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે, આતંકવાદ સામે ભારતની લડાઈ હવે રાષ્ટ્રીય સંરક્ષણ સિદ્ધાંતનો ભાગ છે, ભારત આ હાઇબ્રિડ અને પ્રોક્સી યુદ્ધને જડમૂળથી ઉખાડી નાખશે. ગઈકાલે ભૂજ ખાતે વાયુસેના મથક ખાતે જવાનોને સંબોધતા શ્રી સિંહે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ- IMF ને પાકિસ્તાનને આપવામાં આવતી નાણાકીય સહાય પર પુનઃવિચાર કરવા જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે ઓપરેશન સિંદૂર હજુ પૂરું થયું નથી, આ કાર્યવાહી ફક્ત ટ્રેલર હતી, જરૂર પડશે તો અમે સંપૂર્ણ ચિત્ર બતાવીશું.

(બાઈટ... રાજનાથ સિંહ)

તેમણે ઓપરેશન સિંદૂરમાં ભારતીય વાયુસેનાની ભૂમિકાની પ્રશંસા કરતાં કહ્યું, "જ્યારે દુશ્મનના પ્રદેશમાં મિસાઇલો છોડવામાં આવી, ત્યારે દુનિયાએ ભારતની વીરતા અને બહાદુરીનો પડઘો સાંભળ્યો.

ભુજ વાયુસેના મથકે જવાનોને મળ્યા બાદ શ્રી સિંહે વર્ષ 2001ના ભુજ ધરતીકંપમાં જીવ ગુમાવનારા લોકોની યાદમાં બનાવવામાં આવેલા સ્મૃતિવન ભૂકંપ સ્મારક સંગ્રહાલયની પણ મુલાકાત લીધી. શ્રી સિંહે જણાવ્યું, આ સંગ્રહાલય ફક્ત દેશનું જ નહીં પરંતુ વિશ્વનું પણ ગૌરવ છે.

(બાઇટ: રાજનાથસિંહ – સ્મૃતિ વન )

---

## રાષ્ટ્રપતિ-જ્ઞાનપીઠ પુરસ્કાર:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે નવી દિલ્હીમાં સંસ્કૃત વિદ્વાન સ્વામી રામભદ્રાચાર્યને વર્ષ 2023 માટે 58મો જ્ઞાનપીઠ પુરસ્કાર અર્પણ કર્યો.

2023 માટેના આ પ્રતિષ્ઠિત પુરસ્કાર માટે સ્વામી રામભદ્રાચાર્ય અને પ્રખ્યાત ઉર્દૂ કવિ અને ગીતકાર ગુલઝારની પસંદગી કરવામાં આવી છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ બંને સાહિત્યકારોને અભિનંદન પાઠવ્યા.

---

## કેન્દ્રીય ગૃહમંત્રી-ગુજરાત મુલાકાત-:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસ રાજ્યના પ્રવાસે આવશે. સત્તાવાર માહિતી મુજબ, શ્રી શાહ  ગાંધીનગરમાં 708 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેઓ સાંજે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાવોલ, 'ચ' રોડ પર નવનિર્મિત સેક્ટર 21 અને 22ને જોડતા અંડરબ્રિજ, પેથાપુરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને કોલવડા તળાવનું લોકાર્પણ કરશે. શ્રી શાહ રવિવારે અમદાવાદ અને મહેસાણાના વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

---

## IT મંત્રાલય- આધાર પ્રમાણિત વ્યવહારો:

આધાર પ્રમાણિત વ્યવહારોની કુલ સંખ્યા 150 અબજનો આંકડો વટાવી ગઈ છે. આ સિદ્ધિ આધારના વ્યાપક ઉપયોગ અને દેશમાં ડિજિટલ અર્થતંત્રના વિકાસને પ્રતિબિંબિત કરે છે. ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે જણાવ્યું છે કે ફક્ત એપ્રિલમાં જ લગભગ 210 કરોડ આધાર પ્રમાણિત વ્યવહારો થયા હતા, જે ગયા વર્ષના સમાન મહિના કરતા લગભગ 8 ટકા વધુ છે. આધાર પ્રમાણિત

વ્યવહારો જીવનને સરળ બનાવવામાં અને સેવા પ્રદાતાઓ દ્વારા કરવામાં આવતી વિવિધ સેવાઓનો લાભ લેવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

---

## કચ્છ-અંજાર-વ્યાજખોરો સામે કાર્યવાહી:

દેશના ઇતિહાસમાં પ્રથમવાર રાજ્યમાં વ્યાજખોરોની મિલ્કત જપ્ત કરવામાં આવી છે. અંજાર પોલીસે ત્રણ આરોપીઓએ વ્યાજખોરી દ્વારા મેળવેલી લગભગ 63 લાખ 46 હજાર રૂપિયાની મિલકત એટલે કે ચાર મકાન, બે પ્લોટ અને એક કાર સહિતની મિલકત જપ્ત કરી છે. આ કડક કાર્યવાહી બદલ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કચ્છ પૂર્વના પોલીસ અધિક્ષક તથા સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

---

## ક્રિકેટ-IPL ફરી શરૂ:

પહેલ ગામના આતંકી હુમલા પછી સર્જાયેલ પરિસ્થિતને કારણે મુલત્વી રખાયેલી આઈ.પી.એલ.ની ટી-20 ક્રિકેટ સ્પર્ધા આજથી ફરી શરૂ થશે. આજે રોયલ ચેલેન્જર બેંગલુરુ અને કોલકત્ત નાઇટ રાઇડર્સ વચ્ચે કોલકત્તા ખાતે મેચ સાંજે સાડા સાત વાગ્યે  શરૂ થશે. આ વખતે કોલકતા મુંબઈ અમદાવાદ દિલ્હી  જયપુર અને લખનૌ એમ છ શહેરોમાં મેચ રમાશે.

ગુજરાત ટાઇટન્સ અને દિલ્હી કેપિટલ ની મેચ આવતી કાલે દિલ્હી ખાતે રમાશે.

---

## કચ્છ-હવામાન:

કચ્છ જિલ્લામાં ગરમીનું સામ્રાજય છવાયેલુ રહ્યુ છે. રાત્રિ દરમ્યાન લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતા ઉંચું રહેતા લોકોને રાત્રે પણ બફારો અનુભવાયો હતો. જીલ્લામાં અંજાર અને ગાંધાધામ વિસ્તાર રાજ્યમાં બીજા ક્રમાંકના મુખ્ય ગરમ મથક બની રહ્યા હતા.

---